

ઈસરોનું સૂર્ય મિશન આદિત્ય એલ૧ તૈયાર

આદિત્ય એલ-૧ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત સૂર્યના રહસ્યો જાહેર કરશે

નવી દિલ્હી, તા.૨૯

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ના સફળ સોફ્ટ લેન્ડિંગ પછી, સૂર્ય મિશન આદિત્ય એલ૧ તૈયાર છે. ગઈકાલે ઈસરોએ જાહેરાત કરી હતી કે, આ મિશન ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે શ્રીહરિકોટા, આંધ્રપ્રદેશના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. પૃથ્વીથી સૂર્યનું અંતર ૧.૪ મિલિયન કિલોમીટર છે, એટલે કે તે ચંદ્ર કરતાં ૪ ગણું વધુ દૂર છે. સૂર્ય પર ખૂબ ગરમી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે 'મિશન સન' મિશન મૂન કરતાં વધુ મુશ્કેલ હશે, આ માટે ઈસરોએ અનેક ગણી વધુ તૈયારીઓ કરવી પડશે.

આવી સ્થિતિમાં, સૂર્યના કદ અને તાપમાન જેવી બાબતોને લઈને લોકોના મનમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉભા થઈ હશે. તો ચાલો આ તમામ પ્રશ્નોના સમાધાન આપણે અહીં મેળવીશું.આદિત્ય એલ-૧ એ ભારતનું પ્રથમ સૂર્ય મિશન છે. તેને લોન્ચ કરીને ભારત સૌર વાતાવરણની ગતિશીલતા એટલે કે ક્રોમોસ્ફિયર અને કોરોનાનો અભ્યાસ કરવા માંગે છે. આ સાથે, તે કોરોનામાંથી મોટા પ્રમાણમાં ઉર્જા મુક્ત થવાના રહસ્યો પણ ખોલવા માંગે છે. વધુમાં, આદિત્ય એલ-૧ દ્વારા, ઈસરો આંશિક રીતે આયોનાઈઝ્ડ પ્લાઝ્માના ભૌતિકશાસ્ત્ર અને અવકાશ હવામાનની ગતિશીલતા પર માહિતી એકત્ર કરવાનો ઈરાદો ધરાવે છે. તેની સાથે જ, તે સૌર વાતાવરણમાંથી પ્લાઝ્મા અને ચુંબકીય ક્ષેત્રોના મોટા પાયે વિસ્ફોટનો અભ્યાસ કરવાનો ઈરાદો ધરાવે છે.

આદિત્ય એલ-૧ લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત સૂર્યના રહસ્યો જાહેર કરશે. લેંગ્રેસ પોઈન્ટ એટલે કે એલ-૧ સુધી પહોંચવામાં ચાર મહિના લાગશે. આદિત્ય એલ-૧ને લેંગ્રેસ પોઈન્ટ નજીક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. લેંગ્રેસ બિંદુ એ અવકાશમાં એવા બિંદુનો ઉલ્લેખ કરે છે જ્યાં સૂર્ય અને પૃથ્વી જેવા બે અવકાશ સંસ્થાઓના ગુરુત્વાકર્ષણ બળને કારણે આકર્ષણ અને પ્રતિકૂળતાનું ક્ષેત્ર ઊભું થાય છે. તેનું નામ ઈટાલો-ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જોસેફ-લુઈસ લેંગરેંજના નામ પરથી રાખવામાં આવ્યું છે.આદિત્ય એલ-૧ સાત પેલોડ સાથે તેના ગંતવ્ય સ્થાને પહોંચશે. આ પેલોડ્સ દ્વારા, ઈસરોને ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર એટલે કે સૂર્યની દૃશ્યમાન સપાટીની બરાબર ઉપરની સપાટી અને કોરોના (સૂર્યનું સૌથી બહારનું પડ)ના અભ્યાસમાં મદદ મળશે.

ભારતના પ્રથમ સૂર્ય મિશન આદિત્ય એલ-૧ને લઈને લોકોના ઉત્સાહને જોઈને ઈસરોએ એક લિંક જાહેર કરી છે. શ્રીહરિકોટાની લોન્ચ વ્યૂ ગેલેરીમાંથી લોન્ચ જોઈ શકે છે. ઈસરોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં જ રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે.આદિત્ય એલ-૧ મિશનનું બજેટ લગભગ ૪૦૦ કરોડ રૂપિયા છે.

ઓગસ્ટ ૨૦૨૩નું છેલ્લું અઠવાડિયું ભારત માટે રમતગમતમાં યાદગાર

ભારતને ઓગસ્ટમાં ટોચની ટૂર્નામેન્ટ્સમાં ત્રણ મેડલ મળ્યા

નવી દિલ્હી, તા.૨૯

ઓગસ્ટનું છેલ્લું અઠવાડિયું ભારત માટે રમતગમતમાં યાદગાર રહ્યું છે. દેશને ત્રણ અલગ-અલગ રમતોની મુખ્ય ટુર્નામેન્ટમાં ત્રણ અલગ-અલગ મેડલ મળ્યા. જેના કારણે રાષ્ટ્રીય ખેલ દિવસ ખાસ બન્યો છે. હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ પર દેશમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટે ખેલ દિવસ ઉજવવામાં આવે છે. ધ્યાનચંદની ૧૧૮મી જન્મજયંતિ પહેલા જેવલીન થ્રોવર નીરજ ચોપરા, યુવા ચેસ સ્ટાર પ્રજ્ઞાનાનંદા અને બેડમિંટનના અનુભવી એચએસ પ્રણોયે શાનદાર પ્રદર્શન બતાવી દેશને એક અઠવાડિયામાં ખેલ દિવસ ઉજવવાની તક આપી હતી.

ભારતના ગોલ્ડન બોય તરીકે ઓળખાતા નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં કમાલ કરી બતાવ્યું હતું. તેણે ૨૭ ઓગસ્ટે હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં ઈતિહાસ રચ્યો હતો. નીરજે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર દેશનો પ્રથમ એથ્લેટ બન્યો હતો. નીરજે બુડાપેસ્ટ નેશનલ એથ્લેટિક્સ સેન્ટર ખાતે ૮૮.૧૭ મીટરના થ્રો સાથે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ઓલિમ્પિક, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને ડાયમંડ લીગમાં ચેમ્પિયન બનેલા આ ખેલાડીએ આ ટુર્નામેન્ટ પહેલા માત્ર વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેલડ જીત્યો ન હતો, પરંતુ હવે તેની પાસે ગોલ્ડ મેડલ છે. ગત વખતે નીરજે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

૨૪ ઓગસ્ટે ૧૮ વર્ષીય ચેસ પ્લેયર રમેશબાબુ પ્રજ્ઞાનાનંદાએ સૌના દિલ જીતી લીધા હતા. તેણે ચેસ વર્લ્ડ કપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ફાઈનલમાં તે વિશ્વના નંબર ૧ નોર્વેના મેગ્નસ કાર્લસન સામે ભલે હારી ગયો હોય, પરંતુ તેણે આશા વ્યક્ત કરી છે કે તે ભવિષ્યમાં ઘણી વખત આ ટુર્નામેન્ટ જીતી શકશે. ચેસ વર્લ્ડ કપની ફાઈનલમાં રમ્યા પછી, પ્રજ્ઞાનાનંદા કેન્ડિડેટ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય કરનાર અનુભવી બોબી ફિશર અને કાર્લસન પછી ત્રીજો સૌથી યુવા ખેલાડી બન્યો છે.

પ્રજ્ઞાનાનંદા ૧૨ વર્ષની ઉંમરે ગ્રાન્ડમાસ્ટર બન્યો હતો. તેનો જન્મ ૧૦ ઓગસ્ટ ૨૦૦૫ના રોજ ચેન્નઈમાં થયો હતો. તેણે ત્રણ વર્ષની ઉંમરે ચેસ રમવાનું શરુ કર્યું હતું. પ્રજ્ઞાનાનંદાના પિતા રમેશબાબુ બેંકમાં નોકરી કરે છે. પોલિયોથી પીડિત હોવા છતાં, તેમણે હિંમત હારી નહીં અને બાળકોનું સારી રીતે પાલન-પોષણ કર્યું. પ્રજ્ઞાનાનંદાની મોટી બહેન વૈશાલીને પણ ચેસ રમવું ગમતું અને તેને જોયા પછી જ પ્રજ્ઞાનાનંદાએ ચેસ રમવાનું શરૂ કર્યું હતું. તેની માતા દરેક પ્રવાસમાં તેની સાથે હોય છે.

ચંદ્ર પરનો એક દિવસ પૃથ્વી પરના ૧૪ દિવસ બરાબર

વૈજ્ઞાનિકો દક્ષિણ ધ્રુવનું મહત્તમ અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૯

ચંદ્ર પરનો એક દિવસ પૃથ્વી પરના ૧૪ દિવસ બરાબર છે. આ સંદર્ભમાં, ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રયાન ૩ દ્વારા ચંદ્રની સપાટી પર પહોંચેલા રોવર પ્રજ્ઞાન અને લેન્ડર વિક્રમ પાસે માત્ર થોડા જ દિવસો બાકી છે. જોકે, ઈસરોના વૈજ્ઞાનિકોએ પ્રજ્ઞાન અને વિક્રમ ફરી કામ કરવાનું શરૂ કરે તેવી શક્યતાને નકારી નથી, પરંતુ અત્યારે રોવર દ્વારા ઝડપથી ડેટા મેળવવો મહત્વપૂર્ણ બની ગયો છે.

ઈસરોએ કહ્યું છે કે, ચંદ્રયાન ૩ ચંદ્ર પર ત્રણ મોટા કામ કરવાના છે. તેમાં ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડીંગ, ચંદ્રની સપાટી પર શોધખોળ અને સપાટી પર કેટલાક પ્રયોગોનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ઈસરો પ્રથમ બે બાબતોમાં સફળ રહ્યું છે, પરંતુ પ્રયોગનો તબક્કો હજુ ચાલુ છે. વિક્રમ અને પ્રજ્ઞાન પેલોડ વહન કરે છે જેના દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે.

એસએસીના ડાયરેક્ટર નિલેશ એમ દેસાઈ કહે છે કે, વૈજ્ઞાનિકો દક્ષિણ ધ્રુવનું મહત્તમ અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બાકીના દિવસોમાં વૈજ્ઞાનિકો ૩૦૦ થી ૪૦૦ મીટરનું અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી આ સમય દરમિયાન વધુમાં વધુ પ્રયોગો કરી શકાય.

નિષ્ણાતો જણાવી રહ્યા છે કે, રોવરની ગતિવિધિઓને લઈને સમસ્યાઓ છે કારણ કે પૃથ્વી પર કેટલીક સેવાઓ ઉપલબ્ધ નથી. તેમણે જણાવ્યું કે, રોવરને દરરોજ ૩૦ મીટરનું અંતર કાપવાનું હોય છે, પરંતુ અત્યાર સુધી તે લક્ષ્ય હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે. દેસાઈએ કહ્યું, 'આ મિશન માટે અમારી પાસે માત્ર ૧૪ દિવસ બાકી છે, જે ચંદ્ર પરના એક દિવસ બરાબર છે. બાકીના દિવસોમાં આપણે વધુ પ્રયોગો અને સંશોધન કરી શકીએ તે જરૂરી છે. આપણે સમય સામેની રેસમાં છીએ. આપણે વધુમાં વધુ કામ કરવાનું છે અને ઈસરોના તમામ વૈજ્ઞાનિકો આ કામમાં લાગેલા છે.

૧૪ દિવસ પછી, ચંદ્ર પર રાત પડશે અને વિક્રમ અને પ્રજ્ઞાન, સૌર ઉર્જાથી સંચાલિત છે જેના કારણે તે બંધ થઈ શકે છે.

આ સિવાય એક પડકાર એ પણ છે કે, રાત્રે ચંદ્ર પર તાપમાન -૧૩૩ ડિગ્રી સેલ્સિયસ સુધી જાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ઠંડીના કારણે વિક્રમ અને પ્રજ્ઞાનના સાધનોના કામમાં પણ અવરોધ આવી શકે છે. જો કે, ઈસરોના વૈજ્ઞાનિકોને આશા છે કે વિક્રમ અને પ્રજ્ઞાન સૂર્યના આગમન બાદ ફરી ગતિ પકડી શકે છે. આ લાંબી ચંદ્ર રાત્રિ દરમિયાન રોવર લેન્ડરના સંપર્કમાં રહેશે. આના દ્વારા જ ઈસરો પૃથ્વી પરનો ડેટા મેળવશે. રાત્રે રોવર સાથે સીધો સંપર્ક શક્ય બનશે નહીં.

પ્રખ્યાત રેપરે અમેરિકાના રાષ્ટ્રપતિ પદના ભારતીય ઉમેદવારને ચેતવણી આપી

અમેરિકામાં આગામી વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ભારતીય મૂળના ઉમેદવાર વિવેક રામાસ્વામીનો દબદબો છે. રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાની રેસમાં સામેલ વિવેક રામાસ્વામીને પ્રખ્યાત રેપર એમિનેમે ચેતવણી આપી છે. વિવેક રામાસ્વામી યુવાનોને આકર્ષવા માટે તેમની રેલીઓમાં રેપ ગાતા જોવા મળે છે, તેમણે તાજેતરમાં એમિનેમનું રેપ ગાયું હતું. જે બાદ હવે તેમની ટીમે ઉમેદવારને આમ ન કરવા કહ્યું છે.

એક ખાનગી ચેનલના રિપોર્ટ અનુસાર, અમેરિકાના પરફોર્મિંગ રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન BMIએ વિવેક રામાસ્વામીનો સંપર્ક કર્યો છે. વિવેક રામાસ્વામી તાજેતરમાં આયોવાના પ્રવાસ પર હતા, અહીં તેમણે લોકોને સંબોધિત કર્યા હતા અને આ દરમિયાન તેમણે એમિનેમનું લોઝ યોરસેલ્ફ રેપ પણ ગાયું હતું. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થયો હતો, ત્યારબાદ એમિનેમે આ નોટિસ મોકલી હતી. એમિનેમ વતી અપીલ કરવામાં આવી છે કે તેમના રાજકીય કાર્યક્રમોમાં તેમના ગીતોનો આ રીતે ઉપયોગ ન કરવો જોઈએ. વિવેક રામાસ્વામીની ટીમે એમિનેમની આ વિનંતી સ્વીકારી લીધી છે અને હવે પ્રચારમાં તેમના રેપનો ઉપયોગ કરવામાં આવશે નહીં. ટીમે કહ્યું કે વિવેક રામાસ્વામી સ્ટેજ પર ગયા પછી લોકો સાથે વાતચીત કરે છે અને યુવાનો સાથે જોડાવાની તેમની આ શૈલી છે, પરંતુ કોપીરાઈટને ધ્યાનમાં રાખીને તેઓ આ બાબતો પર વધુ ધ્યાન આપશે. તમને જણાવી દઈએ કે 38 વર્ષીય વિવેક રામાસ્વામી હાલમાં અમેરિકી રાષ્ટ્રપતિ બનવાની રેસમાં સૌથી યુવા ઉમેદવાર છે.

ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

CIN : U74120GJ1989PLC012329
રજીસ્ટર્ડ ઓફીસ : ૧૦૦૬/૩, ગોશીપ હાઉસ, શ્રી પ્રગતિ વિધાલય સામે,
ભાયલી સ્ટેશન રોડ, ભાયલી, વડોદરા-૩૯૧૪૧૦, ગુજરાત, ભારત.
Phone : +91 9558819257, +91 7227003371
Email : cs@tmlind.com | Website : www.tmlind.com

૩૪મી વાર્ષિક સામાન્ય સભા (AGM)

ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેરધારકોની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા (AGM) **શુક્રવાર, તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે** વિડીયો કોન્ફરન્સીગ (VC) / અન્ય ઓડિયો વિઝયુઅલ મીન્સ (OAVM) દ્વારા કંપનીઝ એકટ, ૨૦૧૩ ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર, તેના અંતર્ગત બનાવેલા નિયમો અનુસાર અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ **(MCA)** દ્વારા તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૧૩ એપ્રિલ ૨૦૨૦, ૫ મે ૨૦૨૦, ૫ મે ૨૦૨૨ અને ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવેલા સામાન્ય પરિપત્રો હેઠળ, શેરધારકોની પ્રત્યક્ષ હાજરી વગર યોજાશે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે કંપનીનો વાર્ષિક અહેવાલ (Annual Report) અને AGM ની નોટીસ ૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ માત્ર ઈ-મેઈલ દ્વારા તે શેરધારકોને મોકલવામાં આવશે જેમના ઈ-મેઈલ આઈડી કંપની અથવા તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ અને કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ પાસે નોંધાયેલા છે. AGM ની સૂચના કંપનીની વેબસાઈટ www.tmlind.com ઉપર પણ ઉપલબ્ધ રહેશે.

જે શેરધારકો ફિઝિકલ શેર ધરાવે છે અને જેમણે કંપનીમાં તેમનું ઈ-મેઈલ આઈડી અપડેટ કર્યુ નથી તેઓ AGM ની સૂચના, વાર્ષિક અહેવાલ અને/અથવા AGM માં જોડાવા માટેની વિગતો તેમનું પૂરું નામ, ફોલિયો નંબર, સંપર્ક નંબર, સરનામું અને તેમના પાન કાર્ડની સ્કેન કરેલી નકલ સાથે cs@tmlind.com પર ઈ-મેઈલ મોકલીને મેળવી શકે છે.

કંપનીના શેરધારકો VC / OAVM સુવિધા દ્વારા જ AGM માં ભાગ લઈ શકશે. AGM માં જોડાવા માટેની સૂચનાઓ અને AGM દરમિયાન મતદાન કરવાની રીત AGM ની નોટીસમાં આપવામાં આવશે. VC / OAVM સુવિધા મારફતે ભાગ લેનારા શેરધારકોની ગણતરી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે કરવામાં આવશે.

કોઈપણ વ્યકિત જે કંપનીના AGM નોટીસ મોકલ્યા પછી કંપનીના શેરધારક બને છે અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ ની કટ-ઓફ તારીખ પર શેર ધરાવે છે, તેઓ cs@tmlind.com પર વિનંતી મોકલીને AGM માં જોડાવાની લિંક મેળવી શકે છે અને AGM ની નોટીસમાં જણાવ્યા મુજબ વ્યવસાયની તમામ વસ્તુઓ પર બેઠક દરમિયાન તેમનો મત આપી શકે છે.

ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે
સહી/-
કૃતિ પારેખ
કંપની સેક્રેટરી

તારીખ : ૨૯મી ઓગષ્ટ, ૨૦૨૩
સ્થળ : વડોદરા

કોટામાં અભ્યાસના દબાણમાં

વિદ્યાર્થીઓની આત્મહત્યાનો વધતા દરને લઈને સરકાર ચિંતિત

રાજસ્થાનના કોટામાં અભ્યાસના દબાણમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાનો દર સતત વધી રહ્યો છે. કોટામાં રવિવારે માત્ર 4 કલાકના અંતરાલ સાથે વધુ બે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે. એકંદરે, આ વર્ષે કોટામાં આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધીને 22 થઈ ગઈ છે.

હવે ગેહલોત સરકાર આને ગંભીરતાથી લઈ રહી છે. એટલા માટે હવે કોટામાં દરેક કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ બુધવારે 'અડધો દિવસ અભ્યાસ, હાફ ડે ફન' પ્રોગ્રામ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરશે. અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, આ સિવાય કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ એવા વિદ્યાર્થીઓની પણ ઓળખ કરશે કે જેઓ આત્મહત્યાનો પ્રયાસ કરી શકે છે અને તેમની ઓળખ બાદ તેમને મનોવૈજ્ઞાનિક સલાહ પણ આપવામાં આવશે. આ પગલાં વિદ્યાર્થીઓની આત્મહત્યાને નિયંત્રિત કરી શકે છે. આ સમગ્ર મામલે સોમવારે મહત્વની બેઠક મળી હતી, જેમાં શહેરના તમામ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ત્યારે કોચિંગ સંસ્થાઓ અને હોસ્ટેલ એસોસિએશનના પ્રતિનિધિઓએ પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા આ બેઠકમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના વધતા આત્મહત્યાના મામલામાં સીએમ અશોક ગેહલોતે એક કમિટીની રચના કરી છે, જેના અધ્યક્ષ પ્રિન્સિપલ સેક્રેટરી ભવાની સિંહ દેથાને બનાવવામાં આવ્યા છે. તેમની અધ્યક્ષતામાં આ મહત્વની બેઠક યોજાઈ હતી. આ સમિતિ ટૂંક સમયમાં કોટાની મુલાકાત લેશે અને અન્ય પાસાઓને પણ સમજવાનો પ્રયાસ કરશે.

સોમવારે મળેલી બેઠકમાં અન્ય નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. આમાં સૌથી અગત્યનું છે વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ ઓછો કરવો. આ માટે વિષય નિષ્ણાતો સાથે પણ વાત કરવામાં આવશે.

કોમોડીટીમાં ડૉલર ઈન્ડેક્સ અને બોન્ડ યીલ્ડમાં નરમાશના કારણે સોના અને ચાંદીના ભાવ વધ્યા

ડૉલર ઈન્ડેક્સ અને બોન્ડ યીલ્ડમાં નરમાશના કારણે સોના અને ચાંદીના ભાવ(Gold and silver prices)માં વધારો જોવા મળી રહ્યો છે. સ્થાનિક વાયદા બજારમાં એક્શન છે. MCX પર સોનાની કિંમત 60,000 રૂપિયાની નજીક પહોંચી ગઈ છે. એ જ રીતે ચાંદી પણ રૂ.73,800ની નજીક કારોબાર કરી રહી છે. આજે ચાંદીમાં લગભગ 160 રૂપિયાની મજબૂતી છે. કારણ કે વૈશ્વિક બુલિયન માર્કેટમાં પણ તેજી જોવા મળી રહી છે.આંતરરાષ્ટ્રીય હાજર બજારમાં સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. કોમેક્સ પર સોનાની કિંમત ઔંસ દીઠ $1953 પર ટ્રેડ થઈ રહી છે. ચાંદીની કિંમત પણ 24.40 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગઈ છે. બુલિયન માર્કેટને નબળા ડોલર અને સોફ્ટ બોન્ડ યીલ્ડથી ટેકો મળી રહ્યો છે. અમેરિકાના આર્થિક ડેટા પર નજર રાખવામાં આવી રહી છે.

કિંમતી ધાતુના ભાવની વધઘટ ઘણા પરિબળોથી પ્રભાવિત થાય છે. વૈશ્વિક સોનાની માંગ, દેશભરમાં ચલણ મૂલ્યો, વ્યાજ દરો અને સરકારી સોનાના વેપારના નિયમો જેવા પરિબળો આ ફેરફારોમાં ફાળો આપે છે. વધુમાં વૈશ્વિક ઘટનાઓ જેવી કે વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિ અને અન્ય કરન્સી સામે યુએસ ડોલરની મજબૂતાઈ પણ ભારતીય બજારમાં સોનાના ભાવને અસર કરે છે.

હોમ લોન પર બેંકો દ્વારા ઓફર કરવામાં આવતી ઘણી ઑફરો હોવા છતાં આપણામાંથી ઘણા લોકો માટે આપણું પોતાનું ઘર ખરીદવું એ એક મોટો પડકાર છે. અને તેની પાછળનું કારણ માત્ર હોમ લોન મોંઘી જ નથી પરંતુ પ્રોપર્ટીની કિંમત, સ્ટેમ્પ ડ્યુટી, પ્રોપર્ટી રજિસ્ટ્રેશન ચાર્જ વગેરે ઉમેરવાથી તમે ઘણો વધુ ખર્ચ કરો છો. તમે હોમ લોનમાં જે રકમ માટે અરજી કરો છો તેના માત્ર 75 થી 90 ટકા રકમ સાથે સમાપ્ત થાય છે, બાકીની મિલકતની કિંમતમાં જાય છે તેથી તમારે લોન મેળવ્યા પછી પણ વધુ ધિરાણની જરૂર પડી શકે છે.

મલ્લિકાર્જુન ખડગેને ઈન્ડિયાના કન્વિનર બનાવાય એવી શક્યતા

નવી દિલ્હી, શરૂઆતથી જ એવી અટકળો હતી કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ઈન્ડિયાગઠબંધનના કન્વીનર બનાવવામાં આવશે, પરંતુ હવે તેને આ વાત પર મોટો ઝટકો લાગી શકે છે. સુત્રો પરથી મળતી જાણકારી અનુસાર, હવે નીતિશ કુમારની બદલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કન્વીનર બનાવવામાં આવી શકે છે. આ સિવાય અન્ય મુખ્ય પક્ષોના ૧૧ નેતાઓને સહ-સંયોજકોની જવાબદારી મળી શકે છે. ૩૧મી ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાનારી બેઠકમાં તેની જાહેરાત થઈ શકે છે. એટલું જ નહીં, આ દરમિયાન ઈન્ડિયાએલાયન્સના લોગોનું અનાવરણ થઈ શકે છે અને દિલ્હીમાં હેડક્વાર્ટર બનાવવાની જાહેરાત પણ થઈ શકે છે.જેડીયુના સૂત્રોનું કહેવું છે કે, નીતિશ કુમારે પોતે કન્વીનર બનવાની ના પાડી દીધી છે. તેમના વતી કોંગ્રેસને તેના એક નેતાને કન્વીનર તરીકે નિયુક્ત કરવા કહેવામાં આવ્યું છે. ત્યારથી ખડગેને લઈને અટકળો ચાલી રહી છે.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

એન્જિનિયરિંગ વિભાગ

ઈ-ટેન્ડર નોટિસ નબંર DRM-BRC 082 of 2023-24; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004; દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે: **અ.નં. (1) ટેન્ડર નં. અને કામનું નામ: DRM BRC 082 of 2023-24. પ્રતાપનગર: સ્વિમિંગપુલનું રિનોવેશન. કામનો અંદાજીત ખર્ચ:** ₹ 73,99,047.81 **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 1,48,000.00 **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **15.09.2023** ના રોજ **15.00 કલાક** પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે **15.30 કલાકે** ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે:** વેબસાઈટ **@ www.ireps.gov.in**. ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004

W/623/NIT of 2023-24 dated 24.08.2023 161

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

નં.Comm/BRC/E-Auction/23 **તારીખ: 25.08.2023**

"એડવર્ટાઈઝમેન્ટ" ના કોન્ટ્રાકટ માટે ઈ-હરાજી

"એડવર્ટાઈઝમેન્ટ" કોન્ટ્રાકટ માટે ઈ-હરાજી **11.09.2023** ના રોજ યોજાશે. ઈ-હરાજી **11.09.2023** ના રોજ **10:00 કલાકે** શરૂ થશે. કેટલોગ પહેલેથી જ **www.ireps.gov.in** વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે જણાવ્યા મુજબ છે:

કેટલોગ નં	કોન્ટ્રેક્ટનો પ્રકાર	લોટ નં.	કોન્ટ્રેક્ટનો સમયગાળો
ADVT-BRC-110923	OOH	ADVT-BRC-ND-OH-22-23-1 (Advertising - Out of Home)	05 વર્ષ
		ADVT-BRC-MYG-OH-68-22-1 (Advertising Out of Home)	05 વર્ષ
	RDN (Digital)	ADVT-BRC-BRC-OSD-282-23-1 (Advertising - On Station Premise (Digital))	03 વર્ષ
	(Misc-Static-Services-EV charging stations)	MSS-BRC-NDR-EVC-15-23-1 (Misc-Static-Services EV charging stations)	03 વર્ષ
		MSS-BRC-CYI-EVC-13-23-1 (Misc-Static-Services EV charging stations)	03 વર્ષ
		MSS-BRC-CPN-EVC-14-23-1 (Misc-Static-Services EV charging stations)	03 વર્ષ

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ રેલવે મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, વડોદરા- 390004 ઈ-મેલ : tendercellbrc@gmail.com 164

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

શિલ્ચર ટેક્નોલોજીસ લિમિટેડ

રજી. કચેરી : બીલ રોડ, બીલ-૩૯૧૪૧૦, જિ.વડોદરા, ગુજરાત
વર્કસ : મુવાલ સબ-સ્ટેશન પાસે, પાદરા જંબુસર હાઈવે, ગવાસાડ,
વડોદરા-૩૯૧૪૩૦ ઈમેઈલ : info@shilchar.com, વેબસાઈટ : www.shilchar.com
ફોન નં. : (0265) 268 0466, ફેક્સ નં. : (0265) 268 0611
સીઆઈએન : L29308GJ1986PLC008387

ઈક્વિટી શેરના બોનસ ઈશ્યૂ માટે રેકોર્ડ તારીખની સૂચના

૨૯મી જુલાઈ, ૨૦૨૩ શનિવારના રોજ યોજાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં બોનસ ઈક્વિટી શેર ઈશ્યુ કરવાનું ભલામણ કરી હતી તેથી રૂા.૧૦ ના ૧ (એક) એવા હાલના ૧ (એક) ઈક્વિટી શેરની સામે ૧ (એક) નવા બોનસ ઈક્વિટી શેર ઈસ્યુ કરવાની ભલામણ કરી છે. અને કંપનીની ૩૭મી વાર્ષિક સામાન્ય સભા તારીખ શુક્રવાર, ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ યોજવામાં આવી હતી, કંપનીના શેરધારકોએ પણ બોનસ ઈસ્યુની મંજૂરી આપી હતી. તેથી કંપનીના વર્તમાન શેરધારકો નક્કી કરવા માટે રેકોર્ડ તારીખ રાખવામાં આવેલ છે.

બોનસ શેરના હકદાર ઈક્વિટી શેરધારકોના નામની ખાતરી કરવાના હેતુસર બોર્ડ ઓફ ડિરેક્ટર્સે દ્વારા તારીખ બુધવાર, ૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ રેકોર્ડ તારીખ તરીકે નિયત કરી છે. બોનસ શેર્સ કંપનીનાએ ઈક્વિટી શેરધારકોને ફાળવવામાં આવશે જેમના નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝના રેકોર્ડમાં લાભકારી માલિક તરીકે, રેકોર્ડ તારીખે દેખાશે.

બોનસ શેરો, એકવાર ફાળવવામાં આવ્યા પછી, હાલના ઈક્વિટી શેર જેવા જ અધિકારો સાથે તમામ બાબતોમાં સમાન હક મેળવશે અને નવા ઈક્વિટી શેર્સ ફાળવીયા પછી ભલામણ કરેલ અને જાહેર કરાયેલ કોઈપણ ડિવિડન્ડ અને અન્ય કોર્પોરેટ કાર્યવાહીમાં સંપૂર્ણ રીતે ભાગ લેવા માટે હકદાર રહેશે.

ઉપરોક્ત વિગતો કંપનીની વેબસાઈટ (www.shilchar.com) અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ બીએસઈ લિમિટેડ (www.bseindia.com) પર પણ ઉપલબ્ધ છે.

નિયામક મંડળના આદેશથી
શિલ્ચર ટેક્નોલોજીસ લિમિટેડ વતી
નિકી તિવારી
કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા
તા. : ૨૮.૦૮.૨૦૨૩

ટેક્ષટાઈલ સેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક તેમજ FIBCના ઉત્પાદન માટે PET

બોટલના રિસાયક્લિંગ માટે ટકાઉ પર્યાવરણીય પ્રોજેક્ટ જમ્બો બેગ્સ પ્રોજેક્ટના ૪ MoU થયા

૧૦ હજારથી વધુ રોજગારીની તકોનું નિર્માણ થશે

અત્યાર સુધીમાં ચાર કડીમાં રૂ. ૭,૩૭૪ કરોડના ૧૫ MoU સંપન્ન - કુલ ૧૦,૬૦૦થી વધુ રોજગાર અવસર મળશે

ગાંધીનગરતા.૨૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ માટે બેંચમાર્ક તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજન હાથ ધર્યા છે. આ હેતુસર વાયબ્રન્ટ સમિટના પૂર્વાર્ધ રૂપે અત્યારથી જ દર અઠવાડિયે વિવિધ ઉદ્યોગરોકાણકારો સાથે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેના MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી પ્રયોજવામાં આવે છે. આ ઉપક્રમના પાંચમાં તબક્કામાં ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મંગળવાર તા. ૨૯ ઓગસ્ટે ચાર MoU કરવામાં આવ્યા હતા. તદઅનુસાર ટેક્ષટાઈલ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, પેકેજીંગ ઉદ્યોગ માટે ટકાઉ પર્યાવરણીય પ્રોજેક્ટનાં ક્ષેત્રોમાં કુલ રૂ. ૧ હજાર કરોડના સંભવિત મૂડી રોકાણ અને ૧૦ હજારથી વધુ રોજગાર અવસર ઉપલબ્ધ કરાવતા MoU થયા હતા. આ MoU અનુસાર અમદાવાદ જિલ્લાના કેરાલા GIDCમાં કંપોઝિટ ટેક્ષટાઈલ યુનિટ કાર્યરત કરવા માટે એલ.બી.ટેક્ષ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૪૫૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે ૧,૦૦૦ જેટલી રોજગારી પ્રાપ્ત થશે.

આ એકમ જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં કાર્યરત થશે. આ ઉપરાંત માંડલ તાલુકાના માનપુરામાં ૧૫૫ હેક્ટર વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા માટે રૂ. ૨૮૮.૭૫ કરોડના રોકાણો માટેના MoU મેસ્કોટ સાઉથ એશિયા એલ.એલ.પી. એ કર્યા હતા.

આ પાર્કમાં બે હજાર લોકોને રોજગારી મળશે અને માર્ચ-૨૦૨૬ સુધીમાં પાર્ક કાર્યરત થવાનો છે. નવસારીના જલાલપોર તાલુકાના વેસ્મા અને કાળાકાછા ખાતે ૩.૩૪ લાખ ચોરસ મીટર વિસ્તારમાં એક ઔદ્યોગિક પાર્ક માટે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા અંગે રૂ. ૯૯.૧૨ કરોડના રોકાણો સાથે MoU થયા છે. ૨૦૯ પ્લોટની ઉપલબ્ધિ સામે અંદાજે ૬ હજાર રોજગારીની તકો અહીં ઉપલબ્ધ થશે અને માર્ચ-૨૦૨૫ સુધીમાં તે કાર્યરત થશે. આ ત્રણ MoU ઉપરાંત રૂ. ૧૬૧.૭૮ કરોડના રોકાણો સાથે FIBC જમ્બો બેગના ઉત્પાદન માટે PET બોટલ્સના રિસાયક્લીંગ અંગે પેકેમ ઉમાશ્રી પ્રાઈવેટ લિમિટેડ અને બ્રાઝિલની કંપની વચ્ચેનાં સંયુક્ત સાહસ પ્રોજેક્ટ શરૂ કરવા અંગે પણ MoU થયા હતા. અમદાવાદ જિલ્લાના ધોળકા-બગોદરા રોડ, ગાંગડમાં ૫૪ હજાર ચોરસ મીટરમાં આકાર પામનારો આ ટકાઉ પર્યાવરણીય પ્રોજેક્ટ ઓક્ટોબર-૨૦૨૪માં શરૂ થશે તથા પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને ૧,૧૦૦ લોકોને રોજગારી આપશે. આ પ્રોજેક્ટ FIBCના ઉત્પાદન માટે બોટલના રિસાયક્લિંગ માટે ટકાઉ પર્યાવરણીય પ્રોજેક્ટ જમ્બો બેગ્સ PET (PET બોટલ ટુ બેગ) નો પ્રોજેક્ટ છે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪નાં પૂર્વાર્ધરૂપે પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા MoU સાઈનીંગ ઉપક્રમની ચાર કડીમાં રાજ્યમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂ. ૭,૩૭૪ કરોડના રોકાણોના ૧૫ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ ૧૦,૮૦૦ થી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. તદઅનુસાર, ટેક્ષટાઈલ સેક્ટરમાં-૨૧૦૦, એન્જિનીયરીંગ સેક્ટરમાં-૭૦૦, ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં-૫૦૦ અને કેમિકલ સેક્ટરમાં-૩૦૮૫ અને એનર્જી સેક્ટરમાં ૪,૩૦૦ જેટલા સંભવિત રોજગાર અવસરોનું સર્જન થશે. પાંચમી કડીમાં એક જ દિવસમાં રૂ. ૧ હજાર કરોડના રોકાણો માટે ચાર MoU થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ના નેતૃત્વમાં રાજ્યમાં સરળતાએ ઉદ્યોગો શરૂ કરી શકાય તેવું પ્રો-એક્ટીવ એડમિનિસ્ટ્રેશનની સક્રિય ભૂમિકા રહેલી છે તેની પ્રશંસા MoU કરનારા ઉદ્યોગકારોએ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ તકે જણાવ્યું કે, રાજ્યમાં ઉદ્યોગ રોકાણકારોને ત્વરાએ ઉદ્યોગો શરૂ કરવામાં સરળતા રહે તેવું વાતાવરણ બન્યું છે અને ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે તથા સરકાર અને ઉદ્યોગો સાથે મળીને રાજ્યના વિકાસની ગતિ વધુ વેગવંતી બનાવે તેવી આપણી નેમ છે. રાજ્ય સરકાર વતી ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે હૈદર તેમજ ઉદ્યોગકારો વતી ઉદ્યોગ સંચાલકોએ હસ્તાક્ષર કર્યા હતા. આ MoU સાઈનીંગ અવસરે મુખ્ય સચિવ રાજકુમાર, ઉદ્યોગ કમિશનર સંદીપ સાંગલે, સંયુક્ત કમિશનર કુલદીપ આર્ય તથા ઈન્ડેક્સ-બી ના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Styrenix PERFORMANCE MATERIALS

સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ

(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)
સીઆઈએન : L25200GJ1973PLC002436
રજી. ઓફિસ : ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩.
ફોન : +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨
ઈ-મેઈલ : secshare@styrenix.com | **વેબસાઈટ** : www.styrenix.com

પોસ્ટલ બેલેટ નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે, કંપની એકટ, ૨૦૧૩ (**"અધિનિયમ"**) ની કલમ ૧૦૮ અને ૧૧૦ અનુસાર અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ (**"નિયમો"**) ના નિયમ ૨૦ અને ૨૨ અને અધિનિયમ અને નિયમોની અન્ય લાગુ જોગવાઈઓ તથા કોર્પોરેટ બાબતોના મંત્રાલય (**"એમ.સી.એ. પરિપત્રો"**) દ્વારા જારી કરવામાં આવેલ સામાન્ય પરિપત્રો નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૩/૨૦૨૨ તારીખ ૫ મે ૨૦૨૨, ૧૦/૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ તથા સિકયોરિટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશનસ અને ડિસ્કલોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (**"લિસ્ટિંગ રેગ્યુલેશન્સ"**) ના નિયમન ૪૪ તથા સેબી દ્વારા જુલાઈ ૧૧, ૨૦૨૩ ના માસ્ટર પરિપત્રને સાથે વંચાણે લેતાં, ઈન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટીંગ્સ (**"એસ.એસ.-૨"**) અને અન્ય લાગુ કાયદા, નિયમો અને નિયમનો (કોઈપણ વૈધાનિક ફેરફાર અથવા પુન: અધિનિયમ જે જે તે સમય માટે અમલમાં છે અને સમયાંતરે સુધારેલા સુધારા સહિત) અનુસાર નીચે દર્શાવેલ ઠરાવો સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ (**"કંપની"**) ના સભ્યો દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા, માત્ર દૂરસ્થ ઈ-વોટિંગ "ઈ-વોટિંગ" પ્રક્રિયા દ્વારા પસાર કરવાનો પ્રસ્તાવ છે, તેથી નીચેની બાબતો માટે માત્ર રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા (**"ઈ-વોટિંગ"**) દ્વારા સામાન્ય ઠરાવ માટે શેરધારકોની મંજૂરી માંગવામાં આવે છે :

મુદ્દા નં.	સામાન્ય ઠરાવ
૧.	કંપનીના વૈધાનિક ઓડિટર તરીકે મેસર્સ ડેલોઈટ હાસ્કિન્સ એન્ડ સેલ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ના રાજીનામાને કારણે ખાલી પડેલી જગ્યાએ મેસર્સ તલાટી એન્ડ તલાટી એલએલપી ની નિયુકિત.

આથી શેરધારકોને જણાવવામાં આવે છે કે :

૧. કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા તારીખ ૨૨ ઓગષ્ટ, ૨૦૨૩ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં શેરધારકોને ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા ઉપરોકત બાબતને મંજૂર કરવા માટે સામાન્ય ઠરાવ પસાર કરવાની ભલામણ કરી હતી.

૨. એમ.સી.એ. પરિપત્રો ના પાલન અન્વયે, કંપનીએ સ્પષ્ટીકરણ નિવેદન, સૂચનાઓ અને ઈ- વોટિંગ પ્રક્રિયાની રીત સાથે પોસ્ટલ બેલેટની નોટિસ મોકલવાની પ્રક્રિયા તારીખ ૨૯ ઓગષ્ટ, ૨૦૨૩ ના રોજ પૂર્ણ કરી છે, જેમાં ઈલેકટ્રોનિક મોડ દ્વારા એ તમામ સભ્યો કે જેમના ઈમેલ આઈડી કંપની/ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે અને જેમના નામ તારીખ ૨૫ ઓગષ્ટ, ૨૦૨૩ (નિર્દિષ્ટ તારીખ) ના રોજ સભ્યોના રજિસ્ટર / લાભદાયી માલિકોની સૂચિમાં નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવી છે.

૩. જે સભ્યોનું ઈમેલ કંપની / ડિપોઝીટરીઝમાં નોંધાયેલ નથી / ખોટી રીતે નોંધાયેલ છે, તેઓ પણ પોસ્ટલ બેલેટ નોટિસમાં ઉલ્લેખિત 'મતદાન માટેની સૂચનાઓ' માં વ્યાખ્યાયિત પ્રક્રિયા મુજબ પોતાનો મત આપી શકશે.

૪. **સભ્યો સૂચિત ઠરાવ પર તેમના મત તેમની સંમતિ અથવા અસંમતિ ફકત દૂરસ્થ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ વ્યકત કરી શકશે.** ઈ-વોટિંગ માટે, કંપનીએ નેશનલ સિક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને રોકેલ છે. ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસમાં આપવામાં આવી છે.

૫. કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સ ("બોર્ડ") એ મેસર્સ દેવેશ પાઠક એન્ડ એસોસિએટ્સ ના સ્થાપક શ્રી દેવેશ પાઠક, પ્રેકિટસિંગ કંપની સેક્રેટરીઝ (એફ.સી.એસ. ૪૫૫૯, સી.પી.૨૩૦૬) ને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગ કરવા માટે વાજબી અને પારદર્શક રીતે પ્રક્રિયા માટે સ્ક્રુટીનાઈઝર તરીકે નિયુકત કર્યા છે.

૬. કટ-ઑફ ડેટ : જે શેરધારકોના નામ **તારીખ ૨૫ ઓગષ્ટ, ૨૦૨૩** ના રોજ સભ્યોના રજીસ્ટર/લાભાર્થી માલિકોની યાદીમાં દેખાય છે, તેઓને ઈ-વોટિંગ માટે ધ્યાનમાં લેવામાં આવશે. જે વ્યક્તિ તારીખ ૨૫ ઓગષ્ટ, ૨૦૨૩ ના રોજ એક શેરધારક નથી, તેમણે આ નોટિસનો ઉપયોગ ફક્ત સૂચના હેતુ માટે કરવાનો રહેશે.

૭. ઈ-વોટિંગ : મતદાન **શુક્રવાર, ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૩, (સવારે ૯.૦૦ વાગે) શરૂ થશે અને શનિવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ (સાંજે ૫.૦૦ વાગે) સમાપ્ત થશે.**

મહત્ત્વપૂર્ણ : એમસીએ પરિપત્રો અનુસાર, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ કરેલ છે. જે સભ્યોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવ્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ (i) જો શેર ઇલેક્ટ્રોનિક સ્વરૂપે ધરાવે છે તો ડિપોઝિટરી ભાગીદાર(રો) પાસે નોંધાવે જ્યાં તેઓ તેમના ડિમેટ ખાતાંઓ જાળવે છે, અને (ii) જો શેર ભૌતિક સ્વરૂપમાં ધરાવે છે તો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને ઈન્વેસ્ટર સર્વિસ રીકવેસ્ટ ફોર્મ (ISR-1) સાથે તેમના ઈ-મેઈલ એડ્રેસ અને અન્ય KYC ની વિગતો આપીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ કંપનીની વેબસાઈટ https://styrenix.com/2506-2/ અને આરટીએની વેબસાઈટ https://web.linkintime.co.in/KYC-downloads.html પર ઉપલબ્ધ છે.

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.styrenix.com પર પણ ઉપલબ્ધ છે.

કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ www.evoting.nsdl.com પર હેલ્પ સેકશન હેઠળ ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએકયૂ) અને ઈન્સ્ટાવોટ ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ શકો છો અથવા ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨ - ૨૪૯૯ ૭૦૦૦ પર કૉલ કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર શ્રીમતિ પલ્લવી મ્હાત્રે અથવા શ્રીમતિ પ્રાજક્તા પવળેને ઈમેઈલ દ્વારા સંપર્ક કરી શકો છો.

નિયામક મંડળના આદેશથી
સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ
(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)
સહી/-
અભિજાત સિન્હા
કંપની સેક્રેટરી

તારીખ : ઓગષ્ટ ૨૯, ૨૦૨૩
સ્થળ : વડોદરા